ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
પં. દીનદયાલ ભવન, જે. પી. ચોક, ખાનપુર, કર્ણાવતી - ૩૮૦ ૦૦૧
ટે.નં. ૦૭૯-૨૫૫૦૪૫૨૫/૨૬/૩૩ ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
e-mail : bjp.gujarat@gmail.com Website : www.bjpguj.org

પ્રેસનોટ

તા.૧૦/૦૨/૨૦૧૨.

# ૧૧ ફેબ્રુઆરીએ કર્ણાવતીના કાર્યકરો ધનસંગ્રહ અભિયાનમાં ધનદાન કરશે.

ભાજપાના કર્ણાવતી મહાનગરના અધ્યક્ષ શ્રી રાકેશભાઈ શાહે જણાવ્યું છે કે ૧૧ ફેબ્રુઆરી પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પૂણ્યતિથીના પાવન પર્વને "સમર્પણ દિન" તરીકે સમગ્ર મહાનગરમાં ઉજવવામાં આવશે. આ પવિત્ર દિવસે કર્ણાવતી મહાનગરના અસંખ્ય કાર્યકરો પોતે "ધનસંગ્રહ અભિયાન"માં ધનદાન કરશે. આ "ધનસંગ્રહ અભિયાન" ભાજપાના સ્થાપના દિવસ ૬ એપ્રિલ સુધી ચાલશે.

તેઓએ જણાવ્યું છે કે કર્ણાવતી મહાનગરના સંગઠન પ્રભારી તેમજ પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી કૌશિકભાઈ પટેલ, મેયર શ્રી અસિતભાઈ વોરા, શહેરમાં રહેતા પ્રદેશ હોદ્દેદારો, શહેર હોદ્દેદારો, સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેશનના પદાધિકારીઓ અને બોર્ડ-નિગમના ચેરમેન સહિત અગ્રણીઓ દ્વારા ધનદાન રૂપે આપવામાં આવેલ ચેકની રકમ પ્રદેશ ભાજપને આપવાનો કાર્યક્રમ રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી નિવાસ્થાન, ગાંધીનગર ખાતે સવારે ૧૧.૩૦ કલાકે યોજાશે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે સમગ્ર મહાનગરમાં તમામ ૧૭ વિધાનસભા ક્ષેત્રમાં સક્રિય કાર્યકર્તા સંમેલન યોજાશે. જયાં એકાત્મ માનવદર્શન - પંડિત દીનદયાળજીના જીવન - કવન પર વક્તવ્ય યોજાશે તેમજ "ધનદાન"ના અભિયાનનો પ્રારંભ થશે.

તેઓએ અંતમાં જણાવ્યું છે કે સમગ્ર મહાનગરમાં ૧૧ ફેબ્રુઆરીના દિવસે કુપોષણ સામેના જંગના ભાગરૂપે આંગણવાડીમાં બાળકોને પૌષ્ટિક આહાર અપાશે, સક્રિય કાર્યકર્તા સંમેલનમાં બક્ષીપંચના હક્કની ૨૭ ટકા અનામતમાંથી ૪.૫ ટકા લઘુમતીને આપવાની કોંગ્રેસની નીતિની સામે આંદોલનની વ્યુહરચના ઘડાશે.

(ડૉ. જગદીશ ભાવસાર)
કન્વીનર - મીડીયા સેલ